No. 1102 /પરીક્ષા /2022-23

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ – 380 009

## CGPA અને કુલગુણ અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (યુજીસી)ની માર્ગદર્શિકા અનુસાર ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા જૂન-2010થી પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે દશબિંદુ પદ્ધતિ (ટેન પોઇન્ટસ સિસ્ટમ) અમલમાં મૂકી છે.

આ પદ્ધતિ અંતર્ગત અભ્યાસક્રમ હેઠળ ભણાવવામાં આવતા પાઠ્યક્રમોને ક્રેડિટ ફાળવવામાં આવી છે અને વિદ્યાર્થી પાઠ્યક્રમની પરીક્ષામાં જે ગુણ મેળવે તે ગુણને દશાંસમાં તબદિલ કરવામાં આવે છે જેને વિષય પ્રગતિઆંક (Grade Point)કહે છે.

**Grade Point = વિદ્યાર્થીએ જે તે પાઠ્યક્રમમાં મેળવેલા ગુણ ÷ 10**

આ રીતે મળતા ગ્રેડ પોઇન્ટને સંબંધિત પાઠ્યક્રમની ક્રેડિટ સાથે ગુણીને જે તે પાઠ્યક્રમ (વિષય)નો પ્રગતિઆંક કાઢવામાં આવે છે.

**વિષય પ્રગતિઆંક (Credit Grade Point) = Grade Point xપાઠ્યક્રમની ક્રેડિટ**

અભ્યાસક્રમના જે તે સત્રમાં સમાવિષ્ટ પાઠ્યક્રમના કુલ પ્રગતિ આંકને જે તે સત્રની કુલ ક્રેડિટ વડે ભાગતા જે તે સત્રની કુલ ક્રેડિટ (**SGPA**) ગણવામાં આવે છે.

**સત્રનો સરેરાશ પ્રગતિઆંક (SGPA) = કુલ ક્રેડિટ ગ્રેડ પોઇન્ટ્સ ÷ જે તે સત્રની કુલ ક્રેડિટસ**

સમગ્ર અભ્યાસક્રમનો કુલ ક્રેડિટ પ્રગતિઆંક (CGPA) મેળવવા માટે વિદ્યાર્થીએ દરેક સત્રમાં મેળવેલ કુલ ક્રેડિટ પ્રગતિઆંકના સરવાળાને દરેક સત્રની કુલ ક્રેડિટના સરવાળા વડે ભાગવામાં આવે છે.

**સંગૃહિત ક્રેડિટ પ્રગતિઆંક (CGPA) = દરેક સત્રની કુલ ક્રેડિટ પ્રગતિઆંકનો સરવાળો÷ દરેક સત્રની કુલ ક્રેડિટનો સરવાળો**

આ પ્રકારે મળતા SGPA અને CGPA 1 થી 10 અંકમાં હશે. SGPA, CGPA ના અંકને દસ વડે ગુણવાથી વિદ્યાર્થીની ટકાવારી ગુણ મળશે. એટલે કે, જો કોઇ વિદ્યાર્થીના CGPA 8.49 હોય તો તેના ટકા 84.9 થશે.

સમગ્ર અભ્યાસક્રમને ક્રેડિટમાં તબદિલ કરવામાં આવ્યો હોવાથી તથા અલગ અલગ પાઠ્યક્રમની અલગ અલગ ક્રેડિટ્સ હોવાના કારણે કુલ ગુણ તેમજ વિદ્યાર્થીએ મેળવેલા કુલ ગુણને આધારે સાચા ટકાવારી ગુણ મળશે નહીં. તા.10-03-2022ના રોજ મળેલી વિદ્યાસભાની બેઠકના ઠરાવ-5 અનુસાર કુલ ગુણ અને મેળવેલા ગુણ જાણવા એક ક્રેડિટ બરાબર 25 ગુણ અનુસાર ગણતરી કરવાની રહેશે.

**સમગ્ર અભ્યાસક્રમના કુલ ગુણ = સમગ્ર અભ્યાસક્રમની કુલ ક્રેડિટ x 25**

**વિદ્યાર્થીએ મેળવેલા કુલ ગુણ = સમગ્ર અભ્યાસક્રમ દરમ્યાન મેળવેલ કુલ ક્રેડિટ ગ્રેડ પોઇન્ટ x2.5**

(ડૉ. નિખિલ ભટ્ટ)
કાર્યકારી કુલસચિવ

અમદાવાદ
તા.12-11-2022